

# ક્વીન્સલેન્ડમાં કિન્ડી

## કિન્ડી એટલે શું?

કિન્ડી તરીકે ઓળખાતું બાળમંદિર (કિંડરગાર્ટન), એ પ્રેપ (ક્વીન્સલેન્ડમાં શાળાનું પ્રથમ વર્ષ) પહેલાંના વર્ષમાં બાળકો માટે અંશકાલિન શૈક્ષણિક કાર્યક્રમ છે. કિન્ડી એક એવું સ્થળ છે, જ્યાં તમારું બાળક રમતના અનુભવો અને ક્રિયાપ્રતિક્રિયાઓ દ્વારા શીખશે જે તેમના પ્રારંભિક શિક્ષણ, સુખાકારી અને વિકાસને ટેકો આપે છે.

કિન્ડીમાં ભાગ લેવાથી, બાળકો શિક્ષા પ્રાપ્તી માટે પ્રેમ વિક્સાવે છે અને પ્રેપમાં તેમના સંક્રમણમાં તે ટેકો આપે છે.

ક્વીન્સલેન્ડ સરકાર દ્વારા માન્ય કિન્ડી કાર્યક્રમો એક યોગ્યતા પ્રાપ્ત બાળમંદિર (અર્લિ ચાઇલ્ડહુડ)ના શિક્ષક દ્વારા પૂરાં પાડવામાં આવે છે. કિન્ડી કાર્યક્રમો પ્રારંભિક બાળપણના શિક્ષણ કેન્દ્રોમાં પૂરાં પાડવામાં આવે છે, ઉપરાંત જ્યાં બાળમંદિર સુધી પહોંચવામાં અવરોધો આવી શકે છે તેમ હોય ત્યાં ગ્રામીણ અને દૂરસ્થ અને અન્ય પસંદ કરેલી રાજ્ય શાળાઓમાં પૂરાં પાડવામાં આવે છે; જે બાળકો કેન્દ્ર સુધી પહોંચી શકે તેમ ન હોય તેમના માટે તે ડિસ્ટન્સ એજ્યુકેશન અથવા ઇકિન્ડી દ્વારા પણ પૂરાં પાડવામાં આવે છે.

## કિન્ડીમાં શિક્ષણ

કિન્ડી નાના બાળકોને નીચેની તકો પૂરી પાડે છે:

- વિચારો, લાગણીઓ અને જરૂરિયાતોનો સંચાર કરવા માટે ભાષાનો ઉપયોગ કરવો
- મિત્રો બનાવવા, વાતચીત કરવી અને અન્ય લોકને સહકાર આપવો
- સમસ્યાઓને ઓળખવી અને સમસ્યાનું સમાધાન કરવાની કુશળતા વિકસાવવી
- તેમની ક્ષમતાઓમાં વધુ આત્મવિશ્વાસુ અને સ્વતંત્ર બનવું
- તેમની દુનિયા સાથે જોડાવવું, તેનું બારિકાઇથી નિરીક્ષણ કરવું અને તેમાં ફાળો આપવો
- તેમના જ્ઞાનમાં વધારો કરવો, નવા વિચારોનું અન્વેષણ કરવું, કે જે તેમના આત્મવિશ્વાસને વધારવામાં મદદ કરે છે.

તમે સાંભળ્યું છે?

**Free KINDY from 2024**

Free KINDY

Queensland Government

# દાખલો કેવી રીતે મેળવવો

ક્વીન્સલેન્ડમાં, બાળકો પ્રેપ શરૂ કરે તે પહેલાંના વર્ષમાં કિન્ડીમાં ભાગ લઇ શકે છે.

દરેક સેવા અલગ હોય છે અને કેટલાકમાં પ્રતીક્ષા યાદી હોય શકે છે, તેથી તમારા બાળકનો દાખલો કરાવવા માટેના શ્રેષ્ઠ સમય વિશે, તમારી પસંદ કરેલી સેવા સાથે વાત કરવી એ એક સારો વિચાર છે.

જે વર્ષમાં તેઓ કિન્ડીમાં ભાગ લેવા માટે દાખલો લે તે વર્ષનાં ૩૦ જૂન સુધીમાં તમારું બાળક ૪ વર્ષનું હોવું આવશ્યક છે.

| બાળકનો જન્મ | બાળક કિન્ડીમાં ભાગ લઇ શકે છે |
|---|---|
| ૧ જુલાઇ ૨૦૧૯થી ૩૦ જૂન ૨૦૨૦ | ૨૦૨૪ |
| ૧ જુલાઇ ૨૦૨૦થી ૩૦ જૂન ૨૦૨૧ | ૨૦૨૫ |
| ૧ જુલાઇ ૨૦૨૧થી ૩૦ જૂન ૨૦૨૨ | ૨૦૨૬ |
| ૧ જુલાઇ ૨૦૨૨થી ૩૦ જૂન ૨૦૨૩ | ૨૦૨૭ |
| ૧ જુલાઇ ૨૦૨૩થી ૩૦ જૂન ૨૦૨૪ | ૨૦૨૮ |
| ૧ જુલાઇ ૨૦૨૪થી ૩૦ જૂન ૨૦૨૫ | ૨૦૨૯ |

તમારા બાળકનો દાખલો કરાવવા તમારે શેની જરૂર રહેશે:

- તમારા બાળકનું નામ અને સરનામું
- તેમના માતાપિતા, સંભાળકર્તા અથવા વાલી તરીકે તમારી વિગતો
- કોર્ટના કોઇ આદેશો અથવા પેરંટિંગ હુકમો અથવા યોજનાઓની વિગતો
- જરૂરી હોય તેવી વધારાની સહાયની વિગતો (દા.ત. વિકલાંગતા, આહારની આડઅસરો અથવા અન્ય જરૂરિયાતો)
- જન્મ તારીખનો પુરાવો (દા.ત. જન્મ પ્રમાણપત્ર)
- સ્વાસ્થ્ય અને રસીકરણની સ્થિતિ
- તમારા બાળકને લઇ જવાની મંજૂરી આપવામાં આવેલા લોકોની વિગતો અને કટોકટીમાં કોને સૂચિત કરવું.

તમારી સેવા આ માહિતીને ગોપનીય રાખશે અને તમને તમારા બાળકની વિગતો જાણવા-સુધારવાની સંપૂર્ણ પરવાનગી હશે.

તમારા સ્થાનિક પ્રદાતાને તેના વિશે પુછો

**Free KiNDY from 2024**

# કિન્ડી કાર્યક્રમ પસંદ કરવો

ક્વીન્સલેન્ડમાં તમામ બાળકો પ્રેપ પહેલાંના વર્ષમાં માન્ય કિંડરગાર્ટન કાર્યક્રમમાં ભાગ લેવા માટે પાત્ર છે.

એક માન્ય કિંડરગાર્ટન પ્રોગ્રામ સરકારની માર્ગદર્શિકા અનુસાર હોય છે અને તે:

- સરકારી માર્ગદર્શિકા અનુસાર, લાયક પ્રારંભિક બાળપણના શિક્ષકો દ્વારા પૂરો પડાતો એક શૈક્ષણિક કાર્યક્રમ છે
- પ્રેપ પહેલાંના વર્ષમાં બાળકો માટે સામાન્ય રીતે અઠવાડિયામાં ૧૫ કલાક, વર્ષમાં ૪૦ અઠવાડિયા માટે ચલાવવામાં આવે છે
- ક્વીન્સલેન્ડ કિંડરગાર્ટન અભ્યાસ માર્ગદર્શિકા અથવા અન્ય ક્વીન્સલેન્ડ કરિક્યુલમ અને એસેસમેન્ટ ઓથોરિટી દ્વારા માન્યતા પ્રાપ્ત લર્નિંગ કાર્યક્રમ સાથે સુસંગત છે.

ક્વીન્સલેન્ડ સરકાર દ્વારા માન્ય કાર્યક્રમ ઓળખી કાઢવા માટે નીચેની છબી મુજબની 'કિન્ડી ટીક ઓફ અપ્રુવલ' જુઓ.

FREE Kindergarten Approved Program

Queensland Government

# ૨૦૨૪થી નિ:શુલ્ક કિન્ડી

ક્વીન્સલેન્ડની સરકાર ક્વીન્સલેન્ડના તમામ પરિવારો માટે કિન્ડી નિ:શુલ્ક કરી રહી છે.

૧ જાન્યુઆરી ૨૦૨૪થી નિ:શુલ્ક કિંન્ડી આપી રહેલ સરકાર માન્ય કાર્યક્રમમાં ભાગ લેનારા પાત્ર-વયના બાળકો માટે મફત રહેશે.

આઅઠવાડિયે ૧૫ કલાક, વર્ષે ૪૦ અઠવાડિયા, એક લાયક પ્રારંભિક બાળપણના શિક્ષક દ્વારા શીખવવામાં આવતી નિ:શુલ્ક કિન્ડી છે.

પરિવારો લાંબા દિવસની સંભાળવાળા કિંડરગાર્ટન અથવા સત્ર કિંડરગાર્ટનમાં કિન્ડી પસંદ કરી શકે છે.

તમારી નજીકની નિ:શુલ્ક કિન્ડી શોધો, મુલાકાત લો:
**www.qld.gov.au/FreeKindy**

230233